હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

ડોકટર સાહેબ, તમે કીધુ એટલે મે જંકફુડ બંધ કરી દીધા...પણ આ ફોનમાં જંક કૉલ બંધ નથી થતા...!!

ડેપ્યુટી મેયરના દિકરા પર છરી વડે હુમલો

ગાંધીનગર,તા.૨૪

ગાંધીનગર મહાનગર પાલિકાના ડે. મેયર પ્રેમલસિંહ ગોલના દિકરા જશજીત સિંહ પર ગઈરાત્રીએ છ-૩ સર્કલ પાસે એક યુવકે સામાન્ય બાબતે છરી વડે હુમલો કર્યો છે.આ હુમલમાં ડે.મેયરના દિકરાને છાતીમાં, માથાના પાછળ ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા છે. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી યુવકની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર મહાનગર પાલિકાના ડે.મેયર પ્રેમલસિંહ ગોલના ૨૨ વર્ષિય દિકરા જશજીતસિંહ આઈટેન કાર લઈ ગઈરાત્રીએ છ-૩ થી સરિતા ઉદ્યાન તરફ જઈ રહ્યો હતો. તે સમયે સેકટર-૯ ના બસ સ્ટેન્ડ પાસે રોકીને બાઈક સવાર યુવકે સામાન્ય બાબતે છરીના ઘા ઝીંકીને ઘાતકી હુમલો કર્યો હતો. આ બનાવમાં ઈજાગ્રસ્ત ડે.મેયરના દિકરાને હાઈટેક હોસ્પિલમાં સારવાર માટે લઈ ગયા હતા. શહેરના સેકટર-૫ બી ખાતે રહેતા ડે.મેયર પ્રેમલસિંહનો દિકરો જશજીતસિંહ કૌંટુબીક કાકા નરેન્દ્રસિંહ કુબેરસિંહ ગોલની માલિકીની આઈટેન ગાડીનો ઉપયોગ કરે છે. ગતરોજ રાત્રીના સાડા આઠ વાગ્યાના અરસામાં ગાડી લઈને મોટાબાપુને ફુલ આપવા માટે એકલો નીકળ્યો હતો. તે સમયે છ-૩ સર્કલથી આગળ સેકટર-૯ ના બસ સ્ટેન્ડ નજીક બાઈક ચાલક જી.જે.૧૮.ડી.કે.-૪૪૮૪ ના ચાલકે ગાડીની બાજુમાંથી ઝડપી પસાર થયો હતો. અચાનક આગળ જઈ તેણે ગાડી આગળ બ્રેક મારી બાઈક ઉભુ રાખી દીધુ હતું. જેને પગલે જશજીતસિંહને પણ ગાડીને બ્રેક મારી ઉભી રાખી હતી.તે સમયે બાઈક ચાલક શખ્સ અચાનક ઉશ્કેરાઈ જઈને ગાડી પાસે પહોંચી ગયો હતો. જશજીતસિંહને નીચે ઉતારી ગાળાગાળી કરી ઝપાઝપી કરી રહ્યો હતો. જશજીતસિંહે ગાળો બોલવાની ના પાડતા તે યુવક ઉસ્કેરાઈ ગયો હતો. પોતાના ખિસ્સામાંથી છરી જેવુ હથીયાર કાઢી ઘા ઝીંકવા લાગ્યો હતો. આ હુમલામાં ઘાયલ જશજીતસિંહ હોહા કરતા આસપાસના નાગરીકો દોડી આવ્યા હતા. તેને તેણા મિત્ર તેજપાલસિંહ રહેવર તેમજ હિમાંશુ ગાંધીને સ્થળ પર બોલાવ્યા હતા. ત્યાંથી સમગ્ર મામલો સેકટર-૭ પોલીસ મથકે પહોંચ્યો હતો.જયારે જશજીતસિંહને સારવાર માટે ખાનગી હોસ્પિટલ લઈ જવાયા હતા.

ત્યારે બાઈક ચાલકની પુછપરછના અંતે તેનુ નામ અર્જુન જોશી હોવાનું ધ્યાને આવ્યું છે. પોલીસે તેની ધરપકડ કરી ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ખૂણેખાંચરેથી

●ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

●ગાંધીનગર શહેરમાં ગરમીના પ્રકોપને લીધે વીજ માંગમાં વધારો થવા પામ્યો છે.

●ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે પ્રથમ માળે વીજટ્રીપ થતાં પુરવઠો ખોરવાયો હતો.

●દહેગામ પોલીસે ટુ-વ્હીલર પર દારૂની હેરાફેરી કરતા બે ઈસમોને ઝાંકની માઈનોર કેનાલ નજીકથી પકડ્યા છે.

●ચિલોડા પંથકના ગામોમાં વીજપુરવઠાના ધાંધિયાઓથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

●દહેગામ પાલિકા સંચાલિત પ્રા. શાળામાં ૧૩ ક્લાસ વચ્ચે માત્ર ૩ શિક્ષકો છે.

●ડભોડા પોલીસે દહેગામ નરોડા હાઈવે રોડ પરથી ૧૫ હજારનો દેશી દારૂ ઝડપી લીધો છે.

●ગાંધીનગર શહેરમાં આજે ટ્રાફિકનું ભારણ ઘ-રોડ પર વધુ જોવા મળ્યુ હતુ.

●સચિવાલય સહિતની સરકારી કચેરીઓમાં આજે મુલાકાતીઓ ઓછા હતા.

●ગાંધીનગર શહેરમાં સીટી બસો નિયત સ્ટેન્ડ પર નહિ ઉભી રહેતી હોવાની ફરિયાદો પછી એસ.ટી. નિગમની બસો પણ નહિ ઉભી રહેતી હોવાની વાતો શરૂ થઈ ગઈ છે.

●૧૪ ગામ લેઉવા પાટીદાર સમાજ આયોજીત ક્રિકેટ ટૂર્નામેન્ટ સંપન્ન થઈ છે. વિજેતાઓને આગેવાનો દ્વારા ઈનામો એનાયત કરાયા હતા.

●આજે ગાંધીનગર ખાતે યોજાયેલ વન ડે વન ડિસ્ટ્રીક્ટ કાર્યક્રમ અંતર્ગત બે સાંસદો હસમુખભાઈ પટેલ, સારદાબેન પટેલ તથા ધારાસભ્યો સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

●ગાંધીનગરમાં ખરીફ વાવેતરની તૈયારીઓ ખેડૂતો દ્વારા ધીમી ગતિએ હાથ ધરાઈ.

●મહિલા અને બાળ વિકાસ કમિશનરે આજે વિડીયો કોન્ફરન્સ યોજી વિભાગની વિવિધ કામગીરી અંગે સમીક્ષા કરી હતી.

●સરિતાઉદ્યાન ખાતે બાળ પરિવાર મહોત્સવની ઉજવણી કરાઈ હતી.

●વિહાર ગામે વ્યક્તિત્વ વિકાસ સેમિનારનું આયોજન કરાયુ હતુ.

●શૈક્ષણિક સત્રના આરંભ પૂર્વે જ શિક્ષકોની ઘટને લઈ શિક્ષણજગતમાં ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.

●ગાંધીનગર શહેરમાં ૧૬મી મે પછી ગરમીનું જોર ઘટશે તેમ જાણકારોનું કહેવુ છે.

રાયપુર કેનાલ પાસે સ્કોર્પીયોમાંથી ૭૭૦ લીટર દેશી દારૂ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર ડભોડા પોલીસે રાયપુર કેનાલ પાસેથી સ્કોર્પીયો કારમાંથી ૭૭૦ લીટર દેશી દારૂ ઝડપી પાડ્યો હતો. પોલીસે દારૂની હેરાફેરી કરનાર બુટલેગરને પકડી પાડી રૂ.૩ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ડભોડા પોલીસ પેટ્રોલીંગમાં હતી તે સમયે બાતમી મળી હતી કે દહેગામ તરફથી એક કાળા કલરની સ્કોર્પીયો કારમાં દેશી દારૂ ભરી નરોડા તરફ જનાર છે.

જેને પગલે રાયપુર નર્મદા કેનાલ પાસે વોચ ગોઠવી દીધી હતી. તે સમયે દહેગામ તરફથી એક એક કાળા કલરની ગાડી આવતા જણાતા પોલીસે આડશ મુકી ઉભી રખાવી દીધી હતી. સ્કોર્પીઓ કારના ચાલકનું નામ પુછતા તેણે પોતાનુ નામ મહમંદ સીદીક અબ્દુલ ગફાર શેખ (ઉં.વ.૨૫ રહે સુલેમાની રોજાની ચાલી નુતનમીલ ચાર રસ્તા સરસપુર) હોવાનું કહ્યું હતું.

પોલીસે તેને સાથે રાખી ગાડીની અંદર તપાસ કરતા અંદરથી સફેદ કલરના પ્લાસ્ટીકના તેમજ ખાખા કલરના કટ્ટામાં ભરેલ દેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કડકાઈથી પુછપરછ કરતા કઠલાલ તાલુકામાં કાકરખાડ ગામના મફતભાઈ લાલાભાઈ ચંદાભાઈ ડાભીએ દેશી દારૂનો જથ્થો ગાડીમાં ભરી આપ્યો હતો. તેનુ છુટક વેચાણ કરવા અમદાવાદ લઈ જઈ રહ્યો હતો. પોલીસે ૭૭૯ લીટર દેશી દારૂ તેમજ કાર મળી કુલ રૂ.૩.૨૫ મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

બેગલુરું સંગીત ઉમેશ ગોપીનાથ જાધવનું એક લાખ કીલો મીટર થઈ વધુ મુસાફરી દ્વારા શહાદતના પરિવારોને મળવાનું અનોખું પરાક્રમ મિશન નો ઉત્તમસંદેશો પહોંચાડવાનો ધ્યેય

યોગ સમર કેમ્પમાં બાળકો મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક જોડાયાં

ગાંધીનગર, તા.૨૪

શહેરમાં ઉનાળુ વેકેશનને પગલે સમર કેમ્પની મૌસમ પુરબહારમાં ખીલી ઉઠી છે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં એક સાથે ત્રણ સ્થળે સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં સેન્ટ્રલ વિસ્ટામાં

સ્વર્ણિમ પાર્ક ખાતે, સેક્ટર-૪ના બગીચામાં અને કુડાસણના ગુડા ગાર્ડનનો સમાવેશ થાય છે. ત્રણેય યોગ સમર કેમ્પમાં મળીને આશરે ૧૦૦થી વધુ સંખ્યામાં બાળકો ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહ્યાં છે જેમને યોગ-પ્રાણાયામ અને આસનો વિના મૂલ્યે શીખવવામાં આવી રહ્યાં હોવાનું જણાવતા રાજ્ય યોગ બોર્ડના મનપા વિસ્તારના કોઓર્ડીનેટર ભાવના જોશીએ જણાવ્યું છે કે "હજુ પણ જે બાળકોને યોગ સમર કેમ્પમાં જોડાવું હોય તેઓ ત્રણેય પૈકી કોઈપણ એક અનુકૂળ સ્થળે સવારે ૭.૩૦ કલાકે પંહોચીને જોડાઈ શકે છે.

આગામી તા.૨૧મી જુને યોજાનારી નવમા આંતર રાષ્ટ્રીય યોગ દિવસ ૨૦૨૩ની ઉજવણીના ભાગરૂપે ગુજરાત રાજ્ય સરકારના રમત ગમત અને સાંસ્કૃતિક વિભાગ હેઠળ ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓમાં બાળપણથી જ યોગ, પ્રાણાયામ, આસનોના માધ્યમથી વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તેવા ઉમદા હેતુથી યોગ સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. યોગ સમર કેમ્પનું તારીખ તા.૨૧મી મેથી ૩૦મી મે સુધી દરરોજ સમય સવારે ૭.૩૦થી ૯ કલાક દરમ્યાન આયોજન કરાયું છે. યોગ સમરકેમ્પમાં ભાગ લેનાર બાળકોએ સાથે પાથરણું (શેતરંજી કે યોગ મેટ), પાણી બોટલ, હાથ રૂમાલ વગેરે સાથે લઈને સમયસર આવવાનું હોય છે અને યોગ સમર કેમ્પમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ડિજિટલ સર્ટિફિકેટ એનાયત કરવામાં આવશે તેવું ભાવના જોશીએ જણાવ્યું છે. આ સાથે તેમણે કહ્યું હતું કે "યોગ સમર કેમ્પમાં ભાગ લઈને નિયમિત યોગ-પ્રાણાયામ કરનાર બાળકોના શારીરિક બાંધાનો અને માનસિક વિકાસ દ્વારા સર્વાંગી વિકાસ થશે તેમજ ઓછી ઉંચાઈ, મેદસ્વીપણું, આંખોમાં ચશ્મા નંબર, યાદશકિત, ભણતરનો તણાવ, બેધ્યાનપણું, શારીરિક દુર્બળતા, પાચન, હિમોગ્લોબીન ઉણપ, અપૂરતો વિકાસ વગેરે સમસ્યાઓમાં પણ લાભકારી રહેશે. વળી, બાળપણથી યોગ સંસ્કૃતિ સાથે જોડાવાથી તેમને ટીવી, મોબાઈલ ફોનના ઉપયોગના દૂષણમાંથી બહાર લાવવામાં મદદરૂપ થશે. યોગ -પ્રાણાયામથી એકાગ્રતામાં વધારો થાય જેથી બાળક અભ્યાસમાં હોશિયાર બનશે. તેમને યોગ આહારની સમજ દ્વારા સાચા ખાન પાનની સુટેવનો વિકાસ કરવામાં આવશે."

શહેરના સેકટર-૮ માંથી પલ્સર બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના વીઆઈપી સેકટર-૮ માંથી બાઈકની ચોરી થવા પામી છે. બનાવ અંગે યુવકે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ચોરીનો ઉપદ્રવ વધી ગયો છે.શહેરના હાર્દ સમા વિસતારમાં સ્થિત એસટી ડેપો તો લાંબા સમયથી જાણ ભેદુ ગઠીયાઓનો અડ્ડો બની જતા રોજ બરોજ મોબાઈલ ચોરી અને પીકપોકેટીંગના બનાવ બને છે. બીજીતરફ સેકટરોના રહેણાંક વિસ્તારોમાં પણ મોકાનો લાભ ઉઠાવીને તસ્કરો હાથ ફેરો કરી લે છે. શહેરના સેકટર-૮માં છેલ્લા કેટલાક સમયથી ઘરફોડ ચોરી અને વાહનચોરીના બનાવ બની રહ્યા છે. જેના લીધે સ્થાનિક સેકટરવાસીઓ પણ ચિંતામાં મુકાયા છે.અગાઉ પણ સેકટર-૮માં ઘરફોડ ચોરીનો બનાવ સામે આવ્યો હતો. જયારે આજે સેકટર-૮ પ્લોટ નં. ૪૪૧-૧ પાસેથી પાર્ક કરેલ બાઈક નં જી.જે. ૧૮.એ. એન. ૯૪૫૬ ની ચોર ઈશમ ઉઠાંતરી કરી ગયો છે. ત્યારે બનાવ સંદર્ભે ચિરાગ પટેલે સેકટર-૭ પોલીસ મથકે વાહન ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે.

ગાંધીનગર મેડીકલ કોલેજની બોયઝ હોસ્ટેલમાંથી ત્રણ મોબાઈલની ચોરી

તબિબિ વિદ્યાર્થીના મોબાઈલ ચોરી થતા ફરીયાદ નોંધાઈ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર મેડીકલ કોલેજની બોયઝ હોસ્ટેલમાંથી એક સાથે ત્રણ તબિબિ વિદ્યાર્થીના મોબાઈલની ચોરી થવા પામી છે. તબિબિ વિદ્યાર્થીઓ રૂમ ખુલ્લો રાખીને સુઈ રહ્યા હતા. તે સમયે ચોર શખ્સે મોબાઈલ ચોરીને અંજામ આપ્યો છે. ત્રણ નંગ મોબાઈલ કિં.૫૨ હજારની ચોરી અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર મેડીકલ કોલેજની બોયઝ હોસ્ટેલના રૂમ નં.૧૦૨ માં રહેતા મુળ સિદ્ધપુરના વતની શુભ રાકેશકુમાર પટેલ છેલ્લા પાંચ વર્ષથી એમબીબીએસમાં અભ્યાસ ચાલી રહ્યો છે. શુભ પટેલ સાથે અન્ય બે વિદ્યાર્થીઓ પણ રૂમમાં રહે છે. ગતરોજ શુભ પટેલ તેનો મોબાઈલ ફોન બેડ ઉપર મુકીને સુઈ ગયો હતો. જયારે તેનો રૂમ પાર્ટનર દત્તકુમાર તેજસકુમાર ત્રિવેદી પણ બેડ પર મોબાઈલ મુકી સુઈ ગયો હતો.જયારે વહેલી સવારે પાંચ વાગ્યાના સુમારે અન્ય રૂમ પાર્ટનર રૂષી ઘનશ્યામ પટેલ તાલિમ પૂર્ણ કરી હોસ્ટેલ ખાતે રૂમ પર આવ્યો હતો. તે સમયે તેણે બંન્ને મોબાઈલ બેડ પર જોયા હતા. જયારે પોતાના મોબાઈલ ફોન રૂષી પણ બેડ પર મુકી સુઈ ગયો હતો.પરતું ગરમી હોવાથી રૂમનો દરવાજો ખુલ્લો રાખ્યો હતો. જયારે સાડા સાત વાગે શુભ ઉઠ્યો હતો તે સમયે જોયુ તો ત્રણેયના મોબાઈલ ફોન ગાયબ હતા. તેઓએ હોસ્ટેલમાં તપાસ કરી અન્ય વિદ્યાર્થીઓને પણ પુછપરછ કરી હતી. તેમ છતા મોબાઈલ મળી ન આવતા સેકટર-૭ પોલીસ મથકે રૂ.૫૨ હજારના ત્રણ મોબાઈલ ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે.

નાના ગ-૨ થી ગ-૩ તરફ જવાના માર્ગે દારૂની ખાલી બોટલો જોવા મળી જાય છે. ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં ખૂબ છૂટથી ગમે ત્યાં ગમે તેટલો દારૂ મળી રહે છે તેનો આ બોલતો પુરાવો છે. નશાબંધી શાખા દ્વારા પકડવામાં આવતો દારૂ તો માત્ર સેમ્પલરૂપ છે. ખુબ મોટાપાયે શહેરમાં દારૂની હેરાફેરી થાય છે તે આ દૃશ્ય જોઈને ચોક્કસપણે કહી શકાય છે.

સોનીપુર સબ સેન્ટર ખાતે મમતા દિવસની ઉજવણી

ગાંધીનગર,તા.૨૪

આજ રોજ રૂપાલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સોનીપુર સબસેન્ટર ખાતે ગાંધીનગર ઝોનના વિભાગીય નાયબ નિયામકશ્રી ડો.એસ.કે.મકવાણા અને ગાંધીનગર તાલુકા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.આર.કે.પટેલ એ હુડકો વિસ્તારની આંગણવાડી ખાતે મમતા દિવસ અંતર્ગત મુલાકાત લીધેલ,જ્યાં આ વિસ્તારના હાજર મમતા દિવસના લાભાર્થી જેવા કે ૦થીપ વર્ષના બાળકો,સગર્ભા અને ધાત્રી માતાઓને રસીકરણ વિશે જરૂરી આરોગ્ય શિક્ષણ આપવામાં આવેલ વધુમાં ડૉ. એસ. કે. મકવાણાએ જણાવ્યું કે એમ.આર ને એલીમેશન તરફ લઈ જવું અને કોઈ પણ બાળક રસીકરણ થી વંચિત ન રહી જાય તે વિશેની સૂચના આપવામાં આવી સાથે સાથે વિવિધ રસી વિશે માહિતી આપેલ જેમાં બી.સી.જી. ટીબી માટે, પંચગુણી ડીપથેરિયા, મોટી ઉધરસ, ધનુરવા,મગજનોતાવ,

ઝેરી કમળો, રોટા વાઈરસ ઝાડા ઉલટી માટે,એમ.આર. ઓરી અને રુબેલા માટે, પોલિયો, ન્યૂમોનિયા માટે , વિવિધ રસી વિશે માહિતી આપવામાં આવેલ. તેમજ જનની સુરક્ષા , કસ્તુરબા પોષણ સહાય યોજના, જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ ,પ્રધાનમંત્રી માતૃવંદના યોજનાઓ પર સાહેબશ્રી દ્વારા ખાસ ભાર મૂકવામાં આવેલ તેમજ પ્રધાનમંત્રી માતૃત્વ સુરક્ષા અભિયાન અંતર્ગત દર માસ ની ૯મી અને ૨૪મી તારીખે જોખમી માતાઓને નિયમિત સમયાંતરે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે તપાસ કરાવવી અને તપાસ દરમ્યાન ગંભીરતા જણાય તો મેડિકલ સુવિધાઓ માટે સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને સિવિલ હોસ્પિટલ ખાતે તપાસ કરવા જણાવેલ.

ચંદ્રાલા ગામે દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અંતર્ગત ખેડૂત તાલી મવર્ગ યોજાયો

ગાંધીનગર,તા.૨૪

દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અંતર્ગત ચંદ્રાલા ગામે ખેડૂત તાલીમ યોજાઈ ગાંધીનગર તાલુકાના ચંદ્રાલા ગામ દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અંતર્ગત ખેડૂત તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું આ તાલીમવર્ગમાં માસ્ટર ટ્રેનર નરેન્દ્રભાઈ એલ મંડીર વિસ્તરણ અધિકારી જયેન્દ્રસિંહ સોલંકી ગ્રામ સેવક મિતેશકુમાર આર પટેલ તેમજ ચંદ્રાલા ગામના ખેડૂત ભાઈઓ ઉપસ્થિત રહ્યા હતા આ તાલીમમાં પ્રાકૃતિક ખેતી એટલે શું? તેના આયામો અને જીવામૃત બનાવવાનું લાઈવ ડ્રેમો આયોજન કરવામાં આવ્યું હતું

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

ચિલોડા પંથકમાં વીજપુરવઠાના ધાંધિયાથી પ્રજા ત્રાહિમામ

વિરાતલાવડી, મેદરા, વાંકાનેરડા, રાયપુર, વજાપુરા, નવાપુરા, વડોદરા અને પરટોલના લોકો ગરમીમાં બફાયા

ગાંધીનગર,તા.૨૪

લોબલ વોર્મિંગની સમસ્યાને કારણે તાપમાનમાં વધારો થતો જાય છે. તેમાંય ઉનાળામાં તો અસહ્ય ગરમી પડે છે. જેને કારણે હિટ સ્ટ્રોકનો શિકાર પણ લોકો બનતા હોય છે. છેલ્લા ઘણા દિવસથી અંગદજાડતી ગરમી પડી રહી છે. જેને કારણે લોકોનું ઘરની બહાર નીકળવું પણ મુશ્કેલ બની ગયું છે. ત્યારે આવી ગરમીમાં જો ઘરમાં વીજ પુરવઠો ન હોય તો કેવી સ્થિતિ થાય તે વિચારવાથી પણ પરસેવો છૂટી જાય છે ત્યારે આવી હાલત અત્યારે ચિલોડા પંથકના ગામોમાં થઈ રહી છે. વિરાતલાવડી, મેદરા, વાંકાનેરડા, રાયપુર, વજાપુરા, નવાપુરા, વડોદરા અને પરઢોલ લોકોને વીજપુરવઠા વિના ગરમીમાં બફાવાનો વારો આવ્યો છે. આ અંગે વિરાતલાવડી ગામના સરપંચે જણાવ્યું હતું કે ચિલોડા સબ ડિવિઝન દ્વારા અગાઉથી કોઈ પણ પ્રકારની જાણ કર્યા વિના ચારથી પાંચ કલાક સુધી વીજપુરવઠો બંધ કરી દેવામાં આવે છે. ત્યારે આવી ગરમીમાં અમારા

ગામના લોકો ગરમી બફાઈ રહ્યા છે. કેટલીક વાર કો ઘરના પ્રસૂતિ હોય કે બીમારી હોય તો તેમને પણ આવી ગરમીમાં વીજપુરવઠા વિના પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. તો નાના બાળકો પણ આવી ગરમીમાં બફારો વેઠવાની નોબત આવી છે. આ અંગે ચિલોડા સબ ડિવિઝનને પણ અનેકવાર રજૂઆતો કરવા છતાં સમસ્યાનું નિવારણ ન કરાતાં ગામના લોકો ખેતરમાં જઈને ગરમીમાં રાહત મેળવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. સરપંચે વધુમાં જણાવ્યું હતું કે ચિલોડા સબ ડિવિઝનના ડેપ્યુટી એન્જિનિયરને અનેક વાર કોલ કરવા છતાં ફોન ઉપાડવાની પણ તસ્દી લીધી ન હતી. ત્યારે આવા ૪૩ ડિગ્રી તાપમાનમાં લોકોને પોતાના ઘરમાં રહેવું પણ મુશ્કેલ બન્યું છે.